ગાંધીનગર સમાચાર

કુડાસણ ગામે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા

@ગાંધીનગર

કડી સંકુલમાં યોજાયેલ મહારકતદાન કેમ્પ

મહારકતદાન થકી સ્વ. માણેકલાલ પટેલને શ્રધ્ધાંજલિ અપાઈ : સે-૨૩, સે-૧૫ અને કડી ખાતે યોજાયેલ ત્રણ શિબિરમાં કુલ ૮૬૫ બોટલ રક્ત એકત્ર કરાયું

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંસ્થાના પૂર્વ સંચાલક સ્વ. માણેકલાલ પટેલની જન્મ જયંતિને આજે અનોખી રીતે ઉજવવામાં આવી હતી. કડી સંકુલના સે-૨૩, સે-૧૫ તથા કડી ખાતેના કેમ્પસમાં આજે સવારે ૮ વાગ્યાથી મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં કુલ ૮૬૫ બોટલ રકત એકત્ર કરાયું હતું. જેમાં સે-૨૩ના સંકુલમાંથી ૨૭૧ બોટલ, સે-૧૫ના એલડીઆરપી કેમ્પસમાંથી ૧૨૮ બોટલ અને કડી ખાતેના કેમ્પસમાંથી ૩૬૬ બોટલ રકત એકત્ર કરાયું હતું.

મહારકતદાનમાં પ્રારંભથી જ યુવા વિદ્યાર્થીએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની જન્મ જયંતિએ તેમની પુણ્યસ્મૃતિ માટે આ મહારકતદાન શિબિર યોજવામાં આવી હતી. શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય મંડળ, કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક તથા ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ ખાતે તથા સેકટર-૧૫માં સોસાયટી દ્વારા કરાયું હતું. સે-૨૩માં કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ એલડીઆરપી ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ ખાતે કરવામાં આવ્યું હતું. મહારકતદાન શિબિરમાં વિદ્યાર્થીનીઓએ પણ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંકુલની તમામ સંસ્થામાંથી વિદ્યાર્થીઓ તથા કર્મચારી ગણે રકતદાનમાં ભાગ લીધો હતો. ત્રણેય સ્થળે બપોરે ૨ વાગ્યા સુધી રકતદાન ચાલ્યું હતું. જેના કારણે આટલી મોટી સંખ્યામાં રકત એકત્ર કરી શકાયું હતું. કાલુપુર કોમર્શિયલ બેંક દ્વારા રકતદાન કરનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના ચહેરા પર પણ રકતદાન થકી ઉત્તમ સેવા કાર્ય કર્યાનો ઉત્સાહ અને સંતોષ સ્પષ્ટ વર્તાતો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

વાતવાતમાં

● રાજય સરકારના પ્રવકતા મંત્રી નિતીનભાઈ પટેલ સ્વર્ણિમ સંકુલ-૧ના નર્મદા હોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ગુજરાતી ચલચિત્ર માટેની પ્રોત્સાહન નીતિ જાહેર કરશે.

● સેકટર-૩-સી ખાતે મુકુન્દ મહારાજની વ્યાસપીઠે બપોરે ૨થી ૫ કલાક દરમિયાન કથાનુંઆયોજન કરવામાં આવેલું છે.

- નજાકતખાનમ સૈયદ

● શહેરમાં યોજાયેલ હાફ મેરેથોનમાં અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના એનએસએસના સ્વયં સેવકોએ ટ્રાફિક નિયમનની વ્યવસ્થા સુપેરે સંભાળી હતી. આ યુવા સ્વયંસેવકોએ મેરેથોન દરમિયાન આપેલા ખડે પગે સેવાથી આયોજકો ખૂબ પ્રભાવિત થયા હતા.

● કડી સર્વ વિદ્યાલય સંકુલમાં યોજાયેલ મહારકતદાન શિબિરમાં યુવતિઓએ રકતદાન કરવા ભારે ઘસારો કર્યો હતો. જો કે કેટલીક કોલેજીયન યુવતિઓનું વજન અને હિમોગ્લોબીન ઓછું હોવાથી રકતદાન માટે તેમને અનુમતિ ન મળતા તેમને નિરાશા સાંપડી હતી.

● અમદાવાદમાં રજનીગંધા પાનમસાલાના વેપારીઓને ત્યાં દરોડા પડતા ગાંધીનગરના વેપારીઓ પણ સતર્ક થઈ સ્ટોક સગેવગે કરવામાં લાગી ગયા છે. કેટલાક વેપારીઓ અંદરખાને દોઢા ભાવે માલ વેચી રહ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

● ગુજરાત યુનિ. દ્વારા હવે કોલેજની ઈન્ટર્નલ એકઝામ લેવાનું રદ કરી દેવાયું છે. યુનિવર્સિટીના આ કદમથી વિદ્યાર્થીઓ ફાઈનલની તૈયારી માટે વધુ સમય મળશે તેવા આશાવાદે આનંદિત થયા છે.

● શહેરમાં અનેક શાળાઓમાં સેમેસ્ટર-૨ની પરીક્ષાઓ પ્રારંભ થઈ ચુકી છે. વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓમાં સારા દેખાવ માટે કમર કસી મહેનત કરી રહ્યાં છે.

● મોસમમાં આવેલા ફેરફારને કારણે સવારે અને સાંજે ઠંડી લાગે છે જયારે દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. વળી નગરમાં મસી જેવી ઉડતી જિવાતનો ઉપદ્રવ વધવાથી વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

● ગાંધીનગર સમાચારના વરિષ્ઠ અને લોકપ્રિય કટારલેખક સુરેશભાઈ ભટ્ટ ઘરમાં સીડી ઉતરતા પગથિયું ચુકી જતા પડી ગયા છે જેમાં તેમને નજીવી ઈજાઓ થઈ છે. જો કે હાલ સંપૂર્ણ સ્વસ્થ છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૩મો સમૂહલગ્નોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૧

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ-દહેગામનો ૨૩મો સમૂહ લગ્નોત્સવ તા. ૩૧મી જાન્યુઆરીને રવિવારના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા, રખિયાલ રોડ, દહેગામ ખાતે મહેમાનો, દાતાઓ તથા વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં સમાજના કાર્યકરો, સ્વામી વિવેકાનંદ યુવા મંચના યુવાનો, મહિલા પાંખની ભારે જહેમતથી ધામધૂમથી સંપન્ન થયો હતો. જેમાં ૨૫ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા હતા. મહંત કેશવદાસજી મહારાજ (જાલીયામઠ) અને આનંદગીરીબાપુ (અલખધામ આશ્રમ, અડાલજ) દ્વારા નવદંપતિઓને આશીર્વચન આપવામાં આવ્યા હતા. આમ સંસ્થાના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પી.કે. ચૌધરી કોલેજમાં ગાંધી નિર્વાણ દિન અંતર્ગત વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૧

ગાંધી મિત્ર વર્તુળ દ્વારા ગાંધી નિર્વાણ દિન અંતર્ગત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાનુપ્રસાદ પુરાણીએ પોતાના બહોળા વાંચન તેમજ ગાંધી જીવનના ઉમદાપણાને આવરી લેતા પ્રસંગોનું જીવન ઉપયોગી પ્રસંગો પર વકતવ્ય આપ્યું હતું. તેમજ કોલેજની ૧૦૫થી વધુ વિદ્યાર્થીનીઓને 'સંક્ષિપ્ત આત્મકથા' મહાત્મા ગાંધી નામનું પુસ્તક પણ નિઃશુલ્કપણે આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્યા ડો. ઉર્મિલાબેન ચૌધરી હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગીતાબેન ચૌધરીએ કર્યું હતું.

સંતાન પ્રાપ્તિથી પીડાતી નરોડાની યુવતીની રાયપુર નર્મદા કેનાલમાં મોતની છલાંગ

ગાંધીનગર, તા.૧

૧૫ વર્ષના લાંબા લગ્ન જીવન બાદ પણ કોઈ સંતાન પ્રાપ્તી ન થતા માનસિક રીતે પીડાતી ૪૦ વર્ષીય યુવતીએ ડભોડા ગામ પાસેની રાયપુર નર્મદા કેનાલમાં બપોરના સુમારે મોતની છલાંગ લગાવી હતી. જેમાં મહિલાનું ડુબી જવાથી મોત નિપજયું હતું. આ મામલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નરોડા વિસ્તારની કુંજ રસીડેન્સી ખાતે મકાન નં. ૨૨૨માં નીરૂબેન કિશોરભાઈ રોહિત પોતાના પતિ સાથે રહેતા હતા. આ બંને પતિ પત્નિના ૧૫ વર્ષ અગાઉ લગ્ન થયા હતા પરંતુ ૧૫ વર્ષ જેટલા લાંબા લગ્ન જીવન બાદ પણ મહિલાને સંતાન પ્રાપ્તિ ન થતા વારંવાર આ સમસ્યાને લઈ તેણી માનસિક રીતે પીડાતી હતી. આજે સવારે નીરૂબેન નજીકમાં રહેતી તેમની નણંદને સિવિલ હોસ્પિટલ જઈ આવવાનું કહી ઘરેથી નીકળ્યા હતા અને બપોરના સુમારે ડભોડા નજીક રાયપુર નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી જેથી ડુબી જતા તેણીનું મોત નિપજયું હતું. આ મહિલાનો તરતો મૃતદેહ ગ્રામજનોને દેખાતા પોલીસને જાણ કરી હતી. પરીણામે ડભોડા પોલીસે ઘટના સ્થળે આવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અલ્પ સંખ્યક-વિકલાંગ સમુદાયો માટે જાગૃતિ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસન નિગમ ગાંધીનગર આયોજીત શાહીબાગ, સરકીટ હાઉસ ખાતે અવેરનેશ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અલ્પસંખ્યક સમુદાય અને વિકલાંગ સમુદાય માટે નિગમની વિવિધ યોજના જેવી કે મુદતી ધિરાણ, શૈક્ષણિક ધિરાણ અને માઈક્રોફાઈનન્સ સહિતની તમામ યોજનાઓનો લાભ લેવા માટે ખાસ ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શીખ ધર્મ, મુસ્લિમ ધર્મ તેમજ સર્વ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નિગમના મેનેજીંગ ડિરેકટર એન.વી. ચુડાસમા, નિયામક પરમજીત કૌર છાબડા સમાજ કલ્યાણ અધિકારી સી.પી. ઠાકોર તથા સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા. તેમજ નિગમના અધ્યક્ષ સુફી સંત મહેબુબ અલી. કે ચિશ્તીએ પણ ટેલીફોનિક સંદેશામાં શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે નિયામક યુસુફભાઈ વારૈયા પણ હાજર રહ્યા હતા.

કુડાસણ ગામે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૧

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચેની છેલ્લી ટી-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયાઓને બાતમીના આધારે એલસીબી પોલીસે કુડાસણ ગામે રાધે સ્કેવરમાં દરોડો પાડી ઝડપી પાડયા હતા અને કુલ ૭૨,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના કુડાસણ ગામની સીમમાં રાધે સ્કેવર કોમ્પ્લેક્ષ આવેલું છે. જયાં દુકાન નં. ૨૪માં બે શખ્સો ઓસ્ટ્રેલિયા-ભારત વચ્ચેની ટી-૨૦ પર હાર જીતનો સટ્ટો રમાડી રહ્યા હોવાની બાતમી ગાંધીનગર એલસીબી ટીમને મળી હતી. જે હકીકતના આધાર પોલીસે બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને સટ્ટો રમાડતા મૌલિક રાજેશભાઈ પ્રજાપતિ (રહે. શ્રીનાથ રેસીડેન્સી, આઈઓસી રોડ, અડાલજ) અને ભૌમિક બાબુભાઈ પ્રજાપતિ (રહે. પ્લોટ નં. ૧૪/૧૬૧ સેકટર-૧૪ ગાંધીનગર)ને રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે બંને આરોપી પાસેથી રોકડ રૂ. ૧૭,૩૦૦, રૂ. ૪૫,૦૦૦ના બે મોબાઈલ, રૂ. ૧૦૦૦ની કિંમતનું ટીવી, રૂ. ૩૦૦ની કિંમતનું સેટઅપ બોકસ મળી કુલ રૂ. ૭૨,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઈન્ફોસીટી પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ.આર. પટેલ ચલાવી રહ્યા છે.

ગીયોડ પાસે અજાણ્યા વાહનની ટક્કરે ૯ વર્ષના કિશોરનું કરૂણ મોત

ગાંધીનગર, તા.૧

ચિલોડા-હિંમતનગર ગત રોજ પુરપાટ ઝડપે દોડી આવતી અજાણી કારે માર્ગ ઓળંગી રહેતા એક પરિવારના માતા-પુત્ર અને પુત્રીને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૯ વર્ષીય પુત્રનું કમકમાટી ભર્યું મોત નિપજયું હતું.

ગાંધીનગર શહેરના સેકટર-૭ બ્લોક નં. ૬૯/૧૨ ખાતે રહેતા ઈશ્વરસિંહ ભૈરવસિંહ ચૌહાણ એસ.આર.પી. જવાન તરીકે નોકરી કરે છે. ગત રોજ તેઓ ઈડર ખાતે લગ્ન પ્રસંગે ગયા હતા અને મોડી રાત્રે બાઈક પર બેસી તેમની પત્ની ગામીતી કુંવરબા, પુત્ર ધ્રુવીતસિંહ અને પુત્રી હેમાંગી સહિત ચારેય ગાંધીનગર તરફ આવી રહ્યા હતા દરમિયાન ગીયોડ મંદિર પહોંચતા માતા બે પુત્રો સાથે મંદિરે દર્શન કરવા ગઈ હતી. થોડી વાર બાદ મંદિરે દર્શન કરી ત્રણેય માર્ગ ઓળંગી પાછા જઈ રહ્યા હતા આ સમયે ચિલોડાથી હિંમતનગર તરફ જતા અજાણ્યા વાહનના ચાલકે આ ત્રણેયને અડફેટે લેતા તેઓ માર્ગની પાસે ફંગોળાઈ ગયા હતા જેથી તમામને શરીરે લોહીયાળ ઈજાઓ થવા પામી હતી અને તેમને તુરંત સારવાર હેઠળ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જયાં ૯ વર્ષીય પુત્ર ધ્રીવતસિંહનું કરૂણ મોત નિપજયું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલીસે અજાણ્યા વાહન વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ હિરાજી ચલાવી રહ્યા છે.

સેકટર-૨૦નું 'નંદનવન' આકર્ષણનું કેન્દ્ર બન્યું

જનભાગીદારીથી ઉદ્યાનનો પ્રસંશનીય વિકાસ કરાયો : બગીચામાં પુસ્તકાલય, માછલીઘર, કસરતના સાધનો સાથે સુમધુર કર્ણપ્રિય સંગીત રેલાવતા સ્પીકર્સની સુવિધા : રોજ વહેલી સવારે કાયમી યોગ શિબિર યોજાય છે

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧

મધુબન ખુશ્બુ દેતા હૈ... બગીચો શબ્દ જ સાંભળતા સુંદર ફુલોની મહેંક અને નયન રમ્ય હરિયાળીનું ચિત્ર જ મનમાં ઉપસી આવે. ફુલોનું શહેર કહેવાતા ગાંધીનગરમાં તમામ સેકટરોમાં બગીચા તો છે પરંતુ મોટાભાગના બગીચાઓની હાલત અત્યંત દયનીય છે. જો કે સેકટર-૨૦માં આવેલ નંદનવાટિકા આ બધામાં અપવાદરૂપ છે કારણ કે જાગૃત સેકટરવાસીઓના સકારાત્મક પ્રયત્નોના કારણે ખૂબ જ સુંદર અને અનેકવિધ ઉપયોગી સુવિધાઓ ધરાવતો નમૂનારૂપ ઉદ્યાન તરીકે ખ્યાતિ પામી રહ્યો છે.

ગાંધીનગરના તમામ સેકટરોમાં એક થી વધુ બગીચા આવેલા છે પરંતુ મોટાભાગના બગીચાઓ યોગ્ય સાર સંભાળના અભાવ અને દુર્લક્ષતાના કારણે અત્યંત દયનીય હાલતમાં આવી ગયા છે. આ સંજોગોમાં સે-૨૦નો નંદનવાટિકા નામનો ઉદ્યાન તંત્રના પાથ એન્ડ ગાર્ડન ડિપાર્ટમેન્ટ ઉપરાંત સે-૨૦ના રહીશોની જનભાગીદારીથી એટલો સુંદર રીતે વિકસાવાયો છે કે તેની મુલાકાતે અન્ય સેકટરના રહીશો પણ નિયમિત આવે છે. નંદનવન વાટિકામાં સૌપ્રથમ પગલું એવું ભરવામાં આવ્યું છે કે તેમાં પ્રવેશનો સમય સુનિશ્ચિતિ કરી દેવાયો છે. આ ઉદ્યાન સવારે ૬ થી ૧૨ વાગ્યા દરમિયાન અને સાંજે ૪થી ૭.૩૦ વાગ્યા દરમિયાન જ ખુલ્લો રહે છે. બાકીના સમયમાં કોઈને પણ ઉદ્યાનમાં પ્રવેશ મળતો નથી. માત્ર આટલું જ નહી પરંતુ આ ગાર્ડનમાં વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે જેના કારણે પણ મુલાકાતીઓ નિયમિત આવવા આકર્ષાઈ રહ્યા છે.

નંદનવન વાટિકામાં બાળકોથી માંડીને વડીલો સુધીના તમામ માટે અનેક આકર્ષણો છે જેવા કે બાળકો માટે અલગ જ કિડસ પ્લે એરિયા જેમાં માત્ર હિંચકા-લપસણી અને ચકરડી જ નહી પરંતુ માછલીઘર, રમતા રમતા શીખી શકે માટે ચોક-ડસ્ટર સાથે બોર્ડની સુવિધા, સ્પીકર્સ પર વાગતા મધુર બાળગીતો વગેરે, મોટેરાઓ માટે અહીં સુંદર વોક-વે અને હરિયાળી લૉન ઉપરાંત આખા બગીચામાં સ્પીકર્સ પર વાગતા સુમધુર કર્ણપ્રિય ગીતોનો ધ્વનિ જયારે સિનિયર સિટીઝન્સ માટે બાંકડા, હિંચકો વગેરેની સુવિધા. આટલું જ નહી બગીચામાં કસરતના વિવિધ અદ્યતન સાધનો લગાડાયા છે અને વાંચનના શોખીનો માટે નાનકડુ પુસ્તક ઘર પણ બનાવાયું છે. ગાર્ડનના મધ્યમાં તુલસીનો કયારો છે અને સાથે ડિઝીટલ ઘડીયાળ પણ લગાડાઈ છે. પીવાના પાણી માટે વોટરકુલર તથા કચરો ફેંકવા માટે પૂરતા ડસ્ટબીનની પણ વ્યવસ્થા કરાઈ છે. આખા ગાર્ડનમાં સોલાર લાઈટની વ્યવસ્થા છે જે ઓટોમેટિક પધ્ધતિએ ચાલે છે. જેથી વીજળીની બચત પણ થાય છે. બગીચામાં ઠેર ઠેર સુવાકયો અને સૂચનાઓ લખેલી લગાડાઈ છે. દરરોજ સવારે બગીચામાં ચારે કોર લગાડેલા સ્પીકર્સમાં પ્રાર્થના અને ભજન વગાડાય છે. દરરોજ સવારે અહીં ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોગ શિબિર ચલાવાય છે જેમાં રહીશો યોગ-વ્યાયામ કરી સારું સ્વાસ્થ્ય મેળવી રહ્યા છે. બગીચામાં ટોયલેટ-બાથરૂમની પણ વ્યવસ્થા લગભગ તૈયાર થઈ ચુકી છે. આ ઉપરાંત ઉદ્યાનમાં વિવિધ પ્રકારના વૃક્ષો અને કમળ સહિતના અનેક પ્રકારના સુંદર ફુલો પણ બાગને ખરા અર્થમાં નંદનવન બનાવી રહ્યાં છે.

બગીચા તો શહેરમાં અનેક છે પણ માવજત અને જાળવણીના અભાવે ઘણા બગીચાઓ બિન ઉપયોગી બની ચૂકયાં છે. જયારે સે-૨૦માં આવેલી નંદનવન વાટિકાએ તંત્ર સાથે જનભાગીદારીના સુંદર સુમેળમાં ઉદ્યાનના મહત્વને સમજી તેના વિકાસ અને જાળવણી પ્રત્યેના હકારાત્મક અભિગમથી હાથ ધરાયેલા પ્રયાસોએ એક આદર્શ અને અનુકરણીય ઉદાહરણ પુરું પાડયું છે.

નગરમાં ટ્રાફિક પોલીસની વ્યવસ્થા ગોઠવવા શહેરીજન સંસ્થાની રજુઆત

ગાંધીનગર, તા.૧

પાડનગરના મુખ્ય માર્ગો જેવા કે ચ-ઘ-ગ-છ-ક રોડ પરના દરેક ક્રોસ રોડ પર સ્પીડ બ્રેકર્સ/બમ્પ ફરજીયાત મુકવા, સફેદ પટ્ટા લગાડવા, ચાર રસ્તા-શાળા કોલેજ પાસે ઝીબ્રા લાઈનીંગ દોરવી, સર્કલ પાસે સ્પીડ લીમીટ બોર્ડ લગાવવા જેવી માંગણી ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા કલેકટરશ્રી, જિલ્લા પોલિસ વડાશ્રીને પાટનગર યોજનાના ઈજનેરશ્રી, આરટીઓ અધિકારી તથા લોક દરબારમાં અનેકવાર રજુઆતો કરેલ છે. પરંતુ ઉકેલ અસમર્થ હોય તેમ લાગે છે.

કોઈ પણ મુખ્ય માર્ગ પર કે આતંરિક માર્ગ પર ક્રોસ રોડ પર સફેદ પટ્ટા દોરેલ નથી. ઘ રોડ પર પુરતા બમ્પ નથી. ચ રોડ પર એક પણ બમ્પ નથી પરિણામે બેફામ ગતિથી દોડતા વાહનો જીવલેણ અકસ્માતો કરે છે.

ગાંધીનગર-સરખેજ રોડ પર ઈસ્કોનથી નિરમા યુનિવર્સિટી સર્કલ સુધી સત્તર બમ્પ છે. હાઈવે પર બમ્પ થઈ શકતા હોય તો ચ-છ રોડ પર બમ્પ કેમ ન મુકી શકાય. માનવીના જીવન કરતાં રસ્તા વધુ મહત્વના નથી?

છ માર્ગીય રસ્તા બને છે. વાહનોની સંખ્યા લાખ ઉપર પહોંચી ગયેલ છે. પરંતુ પાર્કિંગની વ્યવસ્થા, શોપીંગ કેન્દ્રો પર, સેકટરોના માર્ગો દુકાનો પાસે નથી. સેકટર-૧૧માં ચ સર્કલથી હોટલ હવેલી સુધી વાહનો પાર્ક થતા રસ્તો નાનો બની જાય છે. ઘ-ઙ સર્કલ પર વાહનોના પાર્કીંગને અટકાવવા પુરતાં પગલાં લેવાતા નથી.

પાટનગરના મુખ્ય કે આંતરીક રોડ પર ગતિ મર્યાદાના બોર્ડ નથી. બેફામ ગતિથી દોડતા વાહનોને અટકાવવા જોઈએ વળી ઝડપી વાહનોને પકડવા પોલીસ પણ હોતી નથી. ચ-ઘ-ગ રોડ પસ બે સેકટરોને જોડતા ક્રોસ રોડ પર ઝીબ્રા લાઈનીંગ નથી. ઘ-ચ-રોડ પરના તમામ ક્રોસ રોડ પર બમ્પ બનાવવા જોઈએ.

સી.સી. કેમેરા ગોઠવવાથી બેફામ ગતિથી દોડતા વાહનો ઝડપી શકાય અને ટ્રાપિક નિયમન બની શકે. ફુટપાથ તોડીને રીક્ષાવાળાઓએ સ્ટેન્ડ કરેલ છે. રીક્ષા-સ્કુટરો વાહનો તેના પરથી પસાર થાય છે. ફુટપાથો પર સ્કુટર ચાલકો બેફામ ગતિથી દોડે છે. અન્ડર ગ્રાઉન્ડ રોડ કરવાની યોજના ખોરંભે પડેલ છે. ટ્રાફીક સિગ્નલ રાખવી જોઈએ. ઉપરોકત રજુઆત ગાંધીનગર શહેરીજન સંસ્થાના પ્રમુખશ્રી જયંતભાઈ પટ્ટે સરકારશ્રીમાં કરેલ છે.

ચિરવિદાય

● સ્વ. રવિશંકર ઉમાશંકર વ્યાસ, ઉ.વ.૯૬
● સ્વ. પુષ્પાબેન દલસુખભાઈ ચાવડા, ઉ.વ.૭૮